સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ





## વૃંદાવનની કુંજગલીઓમાં ગુંજતો

# રાધાકૃષ્ણનો મહારાસ



**રાધા અને કૃષ્ણનો સંબંધ ભારતીય ભક્તિસાહિત્યમાં દિવ્ય પ્રેમની સર્વોચ્ચ અભિવ્યક્તિ તરીકે ઉજવાય છે, રાધારાણીનો પ્રેમ મેળવવાની ઇચ્છા કરતાં આપવાની ભાવનાથી ભરેલો છે. તેઓ શ્રીકૃષ્ણના સુખમાં પોતાનું સુખ અનુભવે છે**

**ધર્મરંગ**

**વ્યોમા સેલર**

ભારતીય સંસ્કૃતિ અને વૈષ્ણવ ભક્તિપરંપરામાં શ્રીકૃષ્ણ અને રાધારાણીના મહારાસનું સ્થાન અત્યંત વિશિષ્ટ છે. મહારાસ માત્ર નૃત્યનો ઉત્સવ નથી, પરંતુ જીવાત્મા અને પરમાત્માના દિવ્ય મિલનનું પ્રતીક છે. તેમાં પ્રેમ, સમર્પણ, ભક્તિ અને આધ્યાત્મિક આનંદની એવી અનુભૂતિ થાય છે, જે શબ્દોથી પર છે. વૃંદાવનની પવિત્ર ભૂમિ પર શ્રીકૃષ્ણે ગોપીઓ સાથે રચેલો મહારાસ આજે પણ ભક્તોનાં હૃદયમાં ભક્તિભાવ જગાડે છે.

### શરદપૂર્ણિમાની ચાંદની અને વૃંદાવનનો મહારાસ

શ્રીમદ્ ભાગવત મહાપુરાણના દશમ સ્કંધમાં વર્ણવેલી રાસલીલાની કથા અનુસાર, શરદઋતુની એક પૂર્ણિમાની રાત્રિએ વૃંદાવનમાં ચંદ્રની શીતળ ચાંદની પથરાયેલી હતી. યમુનાના કિનારે પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઊઠી હતી. આવા અલૌકિક વાતાવરણમાં શ્રીકૃષ્ણે પોતાની મોહક વાંસળીના સૂર છેડ્યા. વાંસળીનો દિવ્ય નાદ સાંભળીને ગોપીઓ બધાં સાંસારિક બંધનો અને ચિંતાઓ ભૂલીને શ્રીકૃષ્ણ તરફ દોડી આવી.

ગોપીઓનો આ પ્રેમ કોઈ ભૌતિક આકર્ષણ નહોતો, પરંતુ શ્રીકૃષ્ણ પ્રત્યેની અનન્ય નિષ્ઠા અને આત્મસમર્પણની અભિવ્યક્તિ હતો. શ્રીકૃષ્ણે ગોપીઓ સાથે જે દિવ્ય નૃત્ય કર્યું, તેને રાસલીલા કહેવામાં આવે છે. આ રાસલીલામાં રાધારાણીનું સ્થાન સર્વોપરી માનવામાં આવે છે. રાધારાણી શ્રીકૃષ્ણના પરમ પ્રેમ અને હ્લાદિની શક્તિનું સ્વરૂપ છે. તેમનો પ્રેમ નિઃસ્વાર્થ, નિર્મળ અને સંપૂર્ણ સમર્પણથી ભરેલો છે.

### મહારાસનો આધ્યાત્મિક અર્થ

મહારાસનું સૌથી મહત્ત્વપૂર્ણ તત્ત્વ એ છે કે પરમાત્મા દરેક જીવના હૃદયમાં વસે છે અને દરેક જીવાત્મા પરમાત્મા સાથે જોડાવા ઝંખે છે. રાસલીલામાં શ્રીકૃષ્ણ દરેક ગોપીની સાથે અલગ અલગ સ્વરૂપે નૃત્ય કરતા હોવાનું વર્ણન મળે છે. આ પ્રસંગ દ્વારા ભગવાનની સર્વવ્યાપકતા અને દરેક ભક્ત પ્રત્યેના તેમના પ્રેમનો સંદેશ મળે છે.

મહારાસ આપણને શીખવે છે કે ભગવાન સુધી પહોંચવાનો માર્ગ માત્ર કર્મકાંડ કે બાહ્ય આડંબર નથી; તેના માટે નિર્મળ હૃદય, અહંકારનો ત્યાગ અને અનન્ય ભક્તિ જરૂરી છે. જ્યાં અહંકાર ઓગળે છે, ત્યાં પ્રેમનો ઉદય થાય છે અને જ્યાં નિઃસ્વાર્થ પ્રેમ હોય છે, ત્યાં પરમાત્માની અનુભૂતિ શક્ય બને છે.

### રાધા અને કૃષ્ણ : પ્રેમનાં બે નામ, એક જ તત્ત્વ

રાધા અને કૃષ્ણનો સંબંધ ભારતીય ભક્તિસાહિત્યમાં દિવ્ય પ્રેમની સર્વોચ્ચ અભિવ્યક્તિ તરીકે ઉજવાય છે. રાધારાણીનો પ્રેમ મેળવવાની ઇચ્છા કરતાં આપવાની ભાવનાથી ભરેલો છે. તેઓ શ્રીકૃષ્ણના સુખમાં પોતાનું સુખ અનુભવે છે. તેથી જ રાધાકૃષ્ણનું નામ એકસાથે લેવામાં આવે છે. ગૌડિય વૈષ્ણવ પરંપરામાં રાધારાણી અને શ્રીકૃષ્ણને દિવ્ય પ્રેમનાં અભિન્ન સ્વરૂપો તરીકે સમજવામાં આવે છે. મહારાસનો સંદેશ એ પણ છે કે સાચો પ્રેમ અધિકારભાવ કે સ્વાર્થ પર નહીં, પરંતુ વિશ્વાસ, ત્યાગ અને સમર્પણ પર આધારિત હોય છે. રાધારાણીની ભક્તિ આપણને શીખવે છે કે પરમાત્મા પ્રત્યેનું પ્રેમમય સમર્પણ જીવનને પવિત્ર બનાવી શકે છે.

### આજના જીવનમાં મહારાસનું મહત્ત્વ

આજના ઝડપી અને તણાવપૂર્ણ જીવનમાં મહારાસનો સંદેશ વધુ પ્રાસંગિક બની જાય છે. માણસ ભૌતિક સુખની પાછળ દોડતાં આંતરિક શાંતિ ગુમાવી બેસે છે. શ્રીકૃષ્ણની વાંસળી જાણે આપણને અંતરના મૌન તરફ બોલાવે છે. તે સંદેશ આપે છે કે મનમાંથી ઈર્ષ્યા, દ્વેષ, અહંકાર અને લોભ દૂર કરીને પ્રેમ, કરુણા અને ભક્તિને સ્થાન આપવું જોઈએ.

મહારાસ એ ભક્તિનો એવો ઉત્સવ છે, જેમાં દરેક ગોપીનો પ્રેમ અને શ્રીકૃષ્ણની કૃપા એક દિવ્ય વર્તુળમાં જોડાય છે. આ વર્તુળ જીવનના સંતુલન, એકતા અને આનંદનું પ્રતીક પણ બની શકે છે.

અંતે કહી શકાય કે શ્રીકૃષ્ણ અને રાધારાણીનો મહારાસ માત્ર ભૂતકાળની એક દિવ્ય ઘટના નથી, પરંતુ માનવહૃદયમાં નિરંતર ચાલતી પ્રેમ અને ભક્તિની યાત્રા છે. જ્યારે હૃદયમાં રાધારાણી જેવી નિર્મળ ભક્તિ અને શ્રીકૃષ્ણ પ્રત્યેનું નિઃસ્વાર્થ સમર્પણ જાગે છે, ત્યારે જીવન પોતે જ એક મહારાસ બની જાય છે. (ક્રમશઃ)

---

# પંચ આયુધ

**બાઉલ કથા**



**લેફ્ટેનન્ટ સતીશ વ્યાસ**

**જો આ માતૃકાએ ચુડામાંથી પાંચ આયુધ રચ્યાં. ગણો, જેમાં પહેલાં બે સ્વરક્ષણ માટે જેમ કે ચુડાત્રાણ એટલે કે વાળનો અભેદ અંબોડાથી માતાના મસ્તકની રક્ષા અને બીજું વક્ષત્રાણ વાળની વિસ્તરેલ જાળી દ્વારા વક્ષની રક્ષણ માટે રચના કરવી**

તમલુકમાં ઘણા દિવસનું રોકાણ હતું તેથી કામમાંથી પરવારી બાઉલ સાથે બેસવા ફરવાનું બહુ થતું. બાઉલની બધી જ શાખા અહીં મળી રહે તેથી વૈવિધ્ય પણ રહેતું.

અહીં અનેક પ્રકારના બાઉલોને જોઈ ગઈકાલે જ અમારી ટીમમાં જોડાયેલ સુયશે પૂછ્યું, ''આ બાઉલને આપણા જુદા જુદા ધર્મો અને સંપ્રદાયો વચ્ચે વિખવાદ હોય તેવા વિખવાદ હોય કે નહીં ?''

મેં કહ્યું, ''બાઉલને એકબીજા પ્રત્યે કોઈ ઈર્ષા કે અહંકારની ભાવના મેં તો જોઈ નથી. પણ હા. દરેક બાઉલને પોતાની શાખાનું અત્યંત ગૌરવ હોય છે.' '

હજુ આ વાત તો સવારે થઈ હતી. સાંજે તે વાતનું પ્રમાણ મળી ગયું !

તે દિવસે સાંજે ચાર વાગ્યે, અમે મુકુટ ચાંદ બાઉલના આશ્રમે ગયા. મુકુટ ચાંદ, બાબા પગલાં બાઉલ વર્ગમાંથી આવે છે. થોડા શાક્ત પણ સાકારને માને નહીં તેવું આ બાઉલ કુળ હોય છે.

અમે પ્રવાસની એક શિસ્ત જાળવીએ છીએ કે કોઈ બાઉલના આશ્રમે જઈ બીજા બાઉલ વિશે કોઈ નકારાત્મક વાત ન કરવી પરંતુ અહીં અમારો અનુજ બાગચી મુકુટ દાસ સામે જ બોલી બેઠો, ''ગઈકાલે અમે કુકુરૂપા નેડા બાઉલના આશ્રમે ગયા હતા. તે બાઉલ અમને તમારા કરતાં સ્વચ્છ લાગ્યા.'' અમારી સાથે રહેલ બીજો મિત્ર મિલન મહેતા બોલ્યો, ''અરે! તું તો બાગચી છે કે તોપચી! આવો તોપનો ગોળો છોડાય?



'ચુડાઆયુધી'

હમણાં મુકુટ ચાંદ આપણને મુકુટ-માથા વગરના કરી નાખશે!'' અનુજ બાગચીથી ભાંગરો વટાયો હતો. તેની સૌ પ્રથમ જાણ મિલનને થઈ ગઈ.

થયું પણ એવું જ! છુટા, કાળા, વાંકડિયા વાળ, દાઢી, મૂછવાળા મુકુટ ચાંદની આંખના ખૂણા લાલ થઈ ગયા. તે બોલ્યો, ''ભાઈ તન ઉજળું રાખવાની દરકારમાં મન મેલું જ નથી રહી જતું ને? તે જોવું જોઈએ.''

પછી તે બોલ્યો, ''નેડા બાઉલને તો નિત્યાનંદ મહારાજે કરુણા કરી, બાઉલ બનાવ્યા! બાકી તે તો હિનયાન અને મહાયાન ચક્ર વચ્ચે જ પીસાઈ ગયા હોત!''

આગળ બોલ્યો, ''અમે તો ચુડાધારી, શક્તિના સ્વરૂપને અમૂર્ત રીતે હૃદયમાં આપીને પૂજનારા, બાબા પગલાના અનુયાયી છીએ. તારે જોવું છે શું છે અમારો શક્તિ મંત્ર? ચાલ!'' એમ કહીને અમને ઉપાડ્યા.

તમલુક શહેર વચ્ચે તમલુક મ્યુઝિયમ અંદર લઈ જઈ, એક ગોળ મુદ્રા બતાવી. તેણે વર્ણન કરી સમજાવ્યું ત્યારે કશુંક કે વચ્ચે એક સ્ત્રી માથા પર વાળનું જ વસ્ત્ર ઓઢીને બેઠી છે. તેના લાંબા વાળ ખોળામાં પ્રસરેલા છે. છાતીને પણ તેણે વાળથી ઢાંકી દીધી છે. ચહેરા પર બધે વાળ વીખરાયેલા છે.

બાઉલના કહેવા મુજબ 51 શક્તિપીઠની અંદર રહેલી સ્થાન દેવીઓ પૈકી આ સ્થાન પર રહેલી દેવીના સતીના આયુધ દર્શાવતી આ પ્રતીક મુદ્રા છે. પછી તેણે મુદ્રાનું વિશ્લેષણ કર્યું, ''આ શાંત, સૌમ્ય, બંગાળની સ્ત્રી જેવી લાગતી, માથા પર સાડીનો છેડો ઢાંકી બેઠેલ સ્ત્રીની મુદ્રા, આજથી સોએક વર્ષ પહેલાં ઈસ. 1883માં રૂપનારાયણ નદીમાંથી મળી આવી છે. આ માતાને અમે 'ચુડાઆયુધી' એટલે કે ચુડાના(વાળના) જ આયુધ ધારણ કરેલી ગણીએ છીએ.''

થોડું રોકાઈ તે બોલ્યો, ''જો આ માતૃકાએ ચુડામાંથી પાંચ આયુધ રચ્યાં. ગણો, જેમાં પહેલાં બે સ્વરક્ષણ માટે જેમ કે ચુડાત્રાણ એટલે કે વાળનો અભેદ્ય અંબોડાથી માતાના મસ્તકની રક્ષા અને બીજું વક્ષત્રાણ વાળની વિસ્તરેલ જાળી દ્વારા વક્ષની રક્ષણ માટે રચના કરવી. બીજા ત્રણ આયુધ પ્રહાર માટે, જેમ કે ત્રીજું કેશપટ્ટીકા! લાંબા લહેરાતા વાળનો પટ્ટી તરીકે ઉપયોગ કરવો! ચોથું કેશચાબુક થોડાક કેશનું ગુંફન કરી તેનો ચાબુક બનાવવો! રથે જોડેલ ઇન્દ્રિય રૂપ અશ્વને પથગામી રાખવા! અને પાંચમું કેશસર્પ! ચહેરા પર છૂટા મૂકેલા કેશને સર્પની સમાન પવનવેગે છૂટા મૂકવા!''

વાત પૂરી કરી બાઉલ બાગચી સામું જોઈ બોલ્યો, ''બોલો બાગચી બાબુ! તમે જે વાળ જોઈ અમને અસ્વચ્છ કહો છો, તે વાળનો આવો તો મહિમા છે! હવે કહો, અમે શું માતાનો વૈભવ એવા ચુડાને મૂકી, મુંડન કરાવી લઈએ?''

બાગચી એકીટશે માતાની મુદ્રા તરફ જોઈ રહ્યો .